# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2026-27/92 Dt. 04/09/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ‘ટેક્સ સ્ટ્રેટેજી ફોર બિઝનેસ ઓનર્સ: મેક્સિમાઇઝિંગ કોમ્પ્લાયન્સ’ વિષય પર વિશેષ સેશન યોજાયું

## મજબૂત ટેક્સ પ્લાનિંગ અને કાયદાનું પાલન પણ ધંધાના વિકાસ જેટલું જ જરૂરી: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

## આવક કરપાત્ર મર્યાદાથી ઓછી હોય તો પણ નિયમિત ITR ભરવાથી લોન, વિઝા અને TDS રિફંડમાં સરળતા રહે છે: CA ડૉ. પ્રજ્ઞેશ જગાશેઠ

## નાના વ્યવસાયિકો માટે પ્રિઝમ્પટિવ ટેક્સેશન સ્કીમ (સેક્શન 44AD/44ADA) એકાઉન્ટ બુક્સ અને ઓડિટમાંથી મુક્તિ અપાવે છે

### NRI સ્ટેટસ અને રેસિડેન્સી નિયમો અંગે કરદાતાઓએ અગાઉથી નાણાકીય દસ્તાવેજો તૈયાર રાખવા અનિવાર્ય: CA મોનાર્ક પદમાણી

### ટેક્સ ઓડિટ, સેલેરી અને કેપિટલ ગેઇન્સ પ્લાનિંગ તેમજ ઇન્કમટેક્સ નોટિસ/સમન્સના યોગ્ય પ્રતિસાદ અંગે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયું

*સુરત, 04 સપ્ટેમ્બર 2026:*

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા સ્થિત સંહતિ હોલ ખાતે ‘ટેક્સ સ્ટ્રેટેજી ફોર બિઝનેસ ઓનર્સ: મેક્સિમાઇઝિંગ કોમ્પ્લાયન્સ’ વિષય પર વિશેષ સેશનનું આયોજન કરવામાં

આવ્યું હતું. આ પરિસંવાદમાં જાણીતા તજજ્ઞો CA (ડૉ.) પ્રજ્ઞેશ જગાશેઠ અને CA મોનાર્ક પદમાણીએ ઉપસ્થિત ઉદ્યોગસાહસિકો તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને વ્યાપારિક વૃદ્ધિ માટે ટેક્સ પ્લાનિંગ અને નિયમપાલન અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

**ટેક્સ પ્લાનિંગ એ સાચા બિઝનેસ લીડરની ઓળખ: અશોક જીરાવાલા**

સ્વાગત પ્રવચન કરતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "આજના આધુનિક સ્પર્ધાત્મક યુગમાં બિઝનેસ વધારવો જેટલો અનિવાર્ય છે, તેટલું જ મહત્વ આપણી ટેક્સ સ્ટ્રેટેજી મજબૂત રાખવાનું અને કાયદાકીય જોગવાઈઓનું  પાલન કરવાનું છે. પોતાના વ્યવસાયને સુચારુ, પારદર્શક અને ટેન્શન-ફ્રી રાખવા માટે સમયસર સચોટ ટેક્સ પ્લાનિંગ કરવું એ જ સાચા બિઝનેસ લીડરની મુખ્ય ઓળખ છે."

**નિયમિત ITR અને પ્રિઝમ્પટિવ ટેક્સેશનના લાભ: CA ડૉ. પ્રજ્ઞેશ જગાશેઠ**

મુખ્ય વક્તા CA (ડૉ.) પ્રજ્ઞેશ જગાશેઠે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા નિર્ધારિત કરપાત્ર મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા લોકોએ પણ નિયમિત ITR ફાઇલ કરવું હિતાવહ છે. તેનાથી બેન્ક લોન, વિઝા એપ્લિકેશન તેમજ TDS/TCS રિફંડ મેળવવામાં ખૂબ સરળતા રહે છે.

તેમણે નાના વ્યવસાયીઓ અને પ્રોફેશનલ્સ માટે કલમ 44AD, 44ADA અને 44AE હેઠળની પ્રિઝમ્પટિવ ટેક્સેશન સ્કીમની સમજ આપતાં જણાવ્યું કે નિયત નફા મુજબ આવક દર્શાવવાથી એકાઉન્ટ બુક્સ જાળવવા અને ટેક્સ ઓડિટમાંથી રાહત મળે છે. આ ઉપરાંત તેમણે સેલેરી ઇન્કમ, રેન્ટલ ઇન્કમ, કેપિટલ ગેઇન્સ, દસ્તાવેજો સાચવવાની સમયમર્યાદા તેમજ ઇન્કમટેક્સ વિભાગની નોટિસ કે સમન્સ આવે ત્યારે કઈ સાવચેતી રાખવી તે અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.

**NRI સ્ટેટસ અને રેસિડેન્સીના બદલાતા નિયમો: CA મોનાર્ક પદમાણી**

તજજ્ઞ વક્તા CA મોનાર્ક પદમાણીએ કરદાતાઓને દર વર્ષે નાણાકીય વર્ષ પૂરું થતાં જ પોતાના તમામ ડોક્યુમેન્ટ્સ ક્લિયર રાખવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે નાણાકીય વર્ષ દરમિયાન 182 દિવસ કે તેથી વધુ સમય ભારતમાં રહેનાર સામાન્ય રીતે રેસિડેન્ટ ગણાય છે.

વધુમાં, વિદેશમાં રહેતા ભારતીય નાગરિક કે PIO માટે ભારત સિવાયની વિદેશી આવક બાદ કરતાં જો કુલ ભારતીય આવક ₹15 લાખથી વધુ હોય, તો 120 દિવસ કે તેથી વધુ રોકાણ સાથે અગાઉના 4 વર્ષમાં 365 દિવસની હાજરી હોય તો પણ રેસિડેન્ટ સ્ટેટસ લાગુ પડી શકે છે.

આ સેશનમાં ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈ અને માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ગ્રૂપ ચેરમેન CA સંજીવ તમાકુવાલાએ રૂપરેખા આપી હતી. ફાયનાન્સ એન્ડ ઓડિટ કમિટીના એડવાઇઝર CA કિશોર ધીવાલા અને કો-ચેરમેન CA પ્રશાંત વેકરિયાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો, જ્યારે કમિટી ચેરમેન CA હરિવદન રાણાએ સમગ્ર સત્રનું સંચાલન કર્યું હતું. સુરત CA બ્રાન્ચના મેનેજિંગ કમિટી સભ્ય CA દિલીપ ગેહલોતે આભારવિધિ આટોપી હતી.